## સંક્ષિપ્ત સમાચાર


ઈબ્રાહીમ કાનુ

### કોસંબા નજીક બે ડમ્પર અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો, ચાલક ઘાયલ

હથોડાઃ કોસંબા-માંગરોળ રોડ પર એકલખાડીના પુલ પાસેના વણાંક નજીક બે ડમ્પર અને કાર વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં કારના આગળના ભાગનો ખુરદો નીકળી ગયો હતો. સદનસીબે ચાલકનો સામાન્ય ઇજા સાથે બચાવ થયો હતો.

### વાંકલમાં વિકાસ કામો મુદ્દે ગ્રામસભા યોજાઈ


વિનોદ મૈસુરીયા

વાંકલઃ વાંકલ ગ્રામ પંચાયત ખાતે સરપંચ અનિતાબેન ચૌધરીના અધ્યક્ષ સ્થાને મહત્ત્વપૂર્ણ ગ્રામસભા યોજાઈ હતી. આ સભામાં ગામના વિકાસનાં કામો, ગટર લાઈનની સુવિધા, સિંગલ યૂઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ, ખાતર બનાવવાની પદ્ધતિ તેમજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના આયોજન અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ પ્રસંગે તલાટી કમ મંત્રી પ્રિતેશ ચૌધરી, ડેપ્યુટી સરપંચ શૈલેષ મૈસુરીયા, તાલુકા પંચાયત સદસ્ય ઉજાસ ચૌધરી તેમજ ગ્રામ પંચાયતના અન્ય તમામ સદસ્યો હાજર રહ્યા હતા.

### શિંગોદમાં ટ્રેક્ટર પલટી જતાં એકનું મોત

બારડોલીઃ બારડોલીના શિંગોદ ગામની સીમમાં ગત રોજ પૂરઝડપે જતું ટ્રેક્ટર અચાનક પલટી મારી જતાં ૨૭ વર્ષીય ચાલક અનિલભાઈ ભીખાભાઈ રાઠોડનું ટ્રેક્ટર નીચે દબાઈ જવાથી મોત નીપજ્યું હતું. અકસ્માત સમયે ટ્રેક્ટરમાં સવાર અન્ય બે યુવક રાહુલ અને શિવા સમયસૂચકતા વાપરી નીચે કૂદકો મારી દેતાં તેઓનો આબાદ બચાવ થયો હતો.

### વાવમાં ગેરકાયદે જંતુનાશક દવા વેચતા કાર્યવાહી

કામરેજઃ કામરેજના વાવ ગામે લાઈસન્સ વિના જંતુનાશક દવાનો સંગ્રહ અને વેચાણ કરતા ઓમકાર અગરબત્તીમાં નાયબ ખેતી નિયામક રવિરાજ બલદાણીયાએ તપાસ કરી હતી. ત્યાંથી વંદા અને કીડી મારવાના પાઉડરનો શંકાસ્પદ જથ્થો સીલ કરાયો હતો. પરીક્ષણમાં દવામાં એસીફેટ અને ક્લોરપાયરીફોસ જેવા જોખમી રસાયણો મળી આવ્યાં હતાં. માનવ જીવ જોખમાય તે રીતે ગ્રાહકો સાથે છેતરપિંડી કરવા બદલ કામરેજ પોલીસે સંચાલક કિશોર પટેલ અને તેના પુત્ર મન સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### પરીઆ ગામમાં વધુ એક બાઇકની ચોરી

સાયણઃ સાયણ નજીક પરીઆ ગામની સીમમાં આવેલી ‘કે ટેક્ષ’ કંપની બહારથી દાહોદના શ્રમિક જીજ્ઞેશ ધોલીની રૂ.૫૦,૦૦૦ની બાઇક નં.(GJ-20-BD-8827) ચોરાઈ ગઈ છે. અગાઉ ૨ જૂને પણ અહીંથી અન્ય એક બાઇક ચોરાઈ હતી. સતત થતી ચોરીઓને પગલે શ્રમિકોમાં ભયનો માહોલ છે. પોલીસે અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### કામરેજના હલધરૂ નજીક સ્વિમિંગ પુલમાં ડૂબી જતાં બાળકનું મોત

કામરેજઃ કામરેજના ખોલવડની સ્ટાર પવિત્રનગરી સોસાયટીની મહિલાઓ હલધરૂ ગામના ઈકો વિલેજ ફાર્મમાં પ્રવાસે ગઈ હતી. દરમિયાન મૂળ જૂનાગઢના જીજ્ઞાબેન તળાવીયાનો ૯ વર્ષનો પુત્ર ધર્મ રમતાં રમતાં સ્વિમિંગ પુલમાં પડી ગયો હતો. ગંભીર હાલતમાં તેને ચલથાણની સંજીવની હોસ્પિટલ ખસેડાતાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. બાળકના મોતથી પરિવારમાં શોક વ્યાપી ગયો છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### નાની નરોલીમાં વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી

વાંકલઃ ભારતીય વિદ્યા ભવન્સ જી.આઇ.પી.સી.એલ એકેડમી, નાની નરોલી ખાતે ‘વિશ્વ પર્યાવરણ દિવસ’ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આચાર્ય વૈભવ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### આમણીયામાં પ્રેમસંબંધ મુદ્દે એકની હત્યા

વ્યારાઃ ડોલવણના આમણીયા ગામના ગોચર ફળિયામાં પ્રેમસંબંધ મામલે હત્યા થઈ હતી. ગત 3 જૂનના રોજ અશ્વિનભાઈ ભીલે પત્નીના પ્રેમી ચંદ્રદેવકુમાર (મૂળ યુ.પી., હાલ સુરત)ને ગામમાં આવવાનું કારણ પૂછતાં બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આરોપી ચંદ્રદેવકુમારે લાકડાના સપાટા વડે અશ્વિનભાઈ પર હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. સુરત સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન અશ્વિનભાઈનું મોત નીપજતાં પોલીસે આરોપી વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### વીરપુરમાં ટ્રેનમાંથી પડતાં એકનું મોત

વ્યારાઃ વ્યારાના વીરપુર ગામ પાસે ટ્રેનમાંથી અકસ્માતે નીચે પડી જતાં એક 33 વર્ષીય અજાણ્યા પુરુષનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતક પાસે કોઈ ઓળખપત્ર ન મળતાં પોલીસ માટે તેની ઓળખ મેળવવી મુશ્કેલ બની છે. રેલવે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વાલી-વારસોની શોધખોળ હાથ ધરી છે.

# કાંકરિયામાં ગેરકાયદે કચરાનો વિવાદ ઊઠતાં ગ્રામસભા રદ

**અગાઉ** કચરાના ઢગલામાં આગ લાગવાની ઘટના છતાં નિકાલ ન આવતાં ગ્રામજનોમાં રોષ

અનાવલઃ અંબિકાના કાંકરિયા ગામે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે આયોજિત કરવામાં આવેલી ખાસ ગ્રામસભા ગામના વિવાદિત કચરાના મુદ્દે થયેલા ભારે હંગામા અને ગ્રામજનોના તીવ્ર વિરોધ પ્રદર્શનને કારણે આખરે રદ કરવાની ફરજ પડી છે. આ અંગે ગામના સરપંચ દ્વારા દ્વારા તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં જાણ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત મુજબ 5 જૂનના રોજ શુક્રવારના દિવસે અંબિકાના કાંકરિયા ગ્રામ પંચાયત ખાતે વિશ્વ પર્યાવરણ દિવસના વિશેષ અવસરે ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જો કે, સભાની શરૂઆત થતાં જ ગામમાં લાંબા સમયથી ચાલી રહેલા કચરાના વિવાદના મુદ્દે ગ્રામજનોનો આક્રોશ ફાટી નીકળ્યો હતો.

ગ્રામજનોનો આક્ષેપ છે કે કોઈપણ જાતની વહીવટી પરવાનગી વિના ગેરકાયદે રીતે આ કચરો અહીં ખલાવવામાં આવ્યો હતો. ભૂતકાળમાં આ કચરાના ઢગલામાં ભયાનક આગ લાગવાની ઘટના પણ બની ચૂકી છે, જેના કારણે સ્થાનિક સ્તરે પ્રદૂષણ અને લોકોના આરોગ્ય સામે ગંભીર જોખમ ઊભું થયું હતું.

આ મામલે કચરો નંખાવનાર જવાબદાર ખેડૂત સામે અગાઉ ગુનો પણ નોંધવામાં આવ્યો છે. છતાં પણ આ કચરો હજી ગામમાંથી ઊંચકાયો નથી. આવા ગંભીર અને વિવાદિત મુદ્દા પર કોઈ નિકાલ ન આવતાં મોટી સંખ્યામાં એકત્રિત થયેલા ગ્રામજનોએ સભા દરમિયાન ભારે સૂત્રોચ્ચાર અને હોબાળો શરૂ કરી દીધો હતો. ગ્રામજનોના આ ઉગ્ર વિરોધ અને અરાજકતાભર્યા વાતાવરણને કારણે ગ્રામસભાની યોગ્ય કામગીરી થઈ શકી નહોતી. અંતે ગામમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ ન વણસે તે હેતુથી, ગ્રામસભાના સંચાલન અધિકારી અને સરપંચ દ્વારા આ ખાસ ગ્રામસભાને સત્તાવાર રીતે રદ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ અંગે અંબિકા તાલુકા વિકાસ અધિકારીને પત્ર લખીને સમગ્ર પરિસ્થિતિથી વાકેફ કરવામાં આવ્યા હતા.

# કડોદમાં પર્યાવરણ દિવસની સભામાં વેરા બાબતે વિવાદ

**કડોદ** મીયાવાડી ગ્રામ પંચાયતની સભામાં વેરો ભરવા ચર્ચા થઈ તો વાત ગાળાગાળી પર પહોંચી


કેતન પટેલ

કડોદઃ બારડોલીના કડોદ ગામ ખાતે ‘વિશ્વ પર્યાવરણ દિવસ’ નિમિત્તે એક ખાસ ગ્રામસભાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. બારડોલીના તાલુકા વિકાસ અધિકારીના આદેશ અનુસાર કડોદ ગ્રામ પંચાયત કચેરી ખાતે તા.૫/૬/૨૦૨૬ ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે આ સભા યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો સમયસર હાજર રહ્યા હતા. આ ખાસ ગ્રામસભા દરમિયાન ગામના વિકાસ અને પર્યાવરણની જાળવણી માટે મુખ્ય 5 કાર્ય અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. સૌપ્રથમ ગત સભાની કાર્યવાહીની નોંધનું વાંચન કરાયું હતું. ત્યારબાદ પર્યાવરણના સંતુલન માટે ગામમાં વૃક્ષારોપણ અને જાગૃતિ કાર્યક્રમો યોજવા બાબતે ચર્ચા થઈ હતી. સભામાં પર્યાવરણને નુકસાન પહોંચાડતા સિંગલ યૂઝ પ્લાસ્ટિક પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો મહત્ત્વનો નિર્ણય લેવાયો હતો. સાથે જ ગામને સ્વચ્છ રાખવા ઘન કચરાના યોગ્ય નિકાલ અંગે પ્લાનિંગ કરાયું હતું. અંતમાં સરપંચ દ્વારા પ્રાસંગિક મુદ્દાઓ રજૂ કરાયા હતા.

આ શાંતિપૂર્ણ સભા દરમિયાન ગામના નાગરિક યોગેશ રતિલાલ શર્માએ પાણીની સમસ્યા અંગે રજૂઆત કરી હતી. જો કે, તલાટી-કમ-મંત્રીએ તેઓ વર્ષોથી ગ્રામ પંચાયતનો વેરો ભરતા ન હોવાનું જણાવી તાકીદે વેરો ભરવા કહ્યું હતું. આ સાંભળી ઉશ્કેરાયેલા નાગરિકે પંચાયતના સભ્યો સાથે બીભત્સ શબ્દો બોલી અસભ્ય વર્તન કરતાં સભામાં થોડો સમય ગરમાગરમી વ્યાપી ગઈ હતી.

# કુકરમુંડામાં કાર પલટી જતાં એકનું મોત, 4 ઘાયલ



**ચાલકે** સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં ઘટના બની, ઘાયલોને હોસ્પિટલ ખસેડાયાં

કુકરમુંડાઃ કુકરમુંડા નજીક આઈ.ટી.આઈ. રોડ પર સ્વિફ્ટ કાર પલટી જતાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય ચારને ઈજા પહોંચતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પોલીસ ફરિયાદ મુજબ સ્વિફ્ટ કાર નં.(GJ-17-CK-4754)ના ચાલક વિવેકાનંદ દિનેશભાઈ માળી (રહે.,જશવંત ચોક, કુકરમુંડા) કારને પૂરઝડપે હંકારી રહ્યો હતો. દરમિયાન સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતાં કાર રોડની સાઈડમાં જઈ પલટી મારી ગઈ હતી. અકસ્માતમાં

કારમાં સવાર સચિન રઘુનાથ

ગુજર (ઉં.વ.45) (રહે.,તેંદુણી, તા.જામનેર, જિ.જલગાંવ, મહારાષ્ટ્ર)ને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતાં તેનું મોત નીપજ્યું હતું. જ્યારે ફરિયાદીની પુત્રીને ડાબા પગ અને ખભાના ભાગે ફ્રેક્ચર થયું હતું. ઉપરાંત ફરિયાદીના ભત્રીજાને માથા અને મોના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. ફરિયાદી મીનાક્ષીબેનને પણ માથામાં સામાન્ય ઈજા થઈ હતી. કાર ચાલકને પણ શરીરે ઈજા પહોંચી હોવાનું નોંધાયું છે.

આ બનાવ અંગે મીનાક્ષીબેન સચિન ગુજર (ઉં.વ.41) (રહે.,તેંદુણી, તા.જામનેર, જિ.જલગાંવ, મહારાષ્ટ્ર)ની ફરિયાદના આધારે કુકરમુંડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


ઈબ્રાહીમ કાનુ

# કોસંબાની સભામાં પાણી, પ્રદૂષણ અને ભેલાણના પ્રશ્નો ગાજ્યા

**જનતાના** સવાલો વચ્ચે પોલીસ બંદોબસ્ત સાથે ગ્રામસભા મળી

હથોડાઃ વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે કોસંબા ગ્રામ પંચાયતના સભાખંડમાં ઈનચાર્જ સરપંચ સાહીર અબ્દુલ સતાર આરફના અધ્યક્ષ સ્થાને ગ્રામસભા યોજાઈ હતી. આ સભામાં તાલુકા કક્ષાના અધિકારીઓ, તલાટી કમ મંત્રી જયશ્રીબેન, તાલુકા પંચાયતના સભ્યો અને મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. જો કે, પર્યાવરણ દિનની સભામાં ખુદ પર્યાવરણ વિભાગના જ કોઈ જવાબદાર અધિકારી હાજર ન રહેતાં લોકોએ ભારે ઉધડો લીધો હતો.

ગ્રામસભા શરૂ થતાં જ સ્થાનિકોએ પ્રશ્નોનો ખડકલો કરી દીધો હતો. જેમાં મુખ્યત્વે કચરાનો નિકાલ, પીવાના પાણીનું લો-પ્રેશર, કેમિકલયુક્ત પાણી અને ઝેરી ધુમાડો છોડતી ફેક્ટરીઓ સામે પગલાં લેવા તેમજ સ્થાનિકોને રોજગારી આપવાની માંગ ઊઠી હતી. ઉપરાંત વારંવાર ખોરવાતી વીજળીના ઉકેલ માટે GEB કર્મચારીઓને કોસંબામાં કાયમી રાખવા, માથાભારે ભરવાડો દ્વારા ખેડૂતોના ઊભા પાકનું ભેલાણ અટકાવવા અને ગટર લાઈન સફાઈ માટે વધુ માણસો રાખવા રજૂઆતો કરાઈ હતી.

બજાર અને કબ્રસ્તાન વિસ્તારમાં અનિચ્છનીય ઘટનાઓ રોકવા સીસીટીવી કેમેરા લગાવવા અને તૂટેલા રસ્તા બનાવવાની માંગ પર લોકોએ ભારે મારો ચલાવ્યો હતો. ઈનચાર્જ સરપંચ સાહિર આરફે તમામ પ્રશ્નો શાંતિથી સાંભળી સંતોષકારક જવાબો આપ્યા હતા. સભા દરમિયાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

### હથોડાની ગ્રામસભામાં વિવિધ મુદ્દે ચર્ચા


ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ પર્યાવરણ દિવસ નિમિત્તે હથોડામાં ડેપ્યુટી સરપંચ અલ્લા રખ્ખી નાઝીર ઝીણાના અધ્યક્ષ સ્થાને મળેલી ગ્રામસભામાં વિવિધ પ્રશ્નો ચર્ચાયા હતા, જેમાં ગત સભાની કાર્યવાહી નોંધની અમલવારી, 5 જૂન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ પાત્રતા ધરાવતા લાભાર્થીઓની યાદી બાબતે ચર્ચા થઈ હતી.

# નવી કીકવાડમાં ૧૦ ભેંસ ભરેલી ટ્રક ઝડપાઈ, બેની ધરપકડ

બારડોલીઃ બારડોલી ગ્રામ્ય પોલીસે નવી કીકવાડ ગામની સીમમાંથી ક્રૂરતાપૂર્વક બાંધેલી ૧૦ ભેંસ ભરેલી ટ્રક ઝડપી પાડી છે. શુક્રવારે સવારે હાઈવે નં.૫૩ પર વ્યારાથી સુરત તરફ જતી શંકાસ્પદ ટ્રક નં.(જી.જે. ૧૪ એ.ટી. ૬૦૧૯)ને અટકાવી તપાસ કરતાં તેમાં ઘાસ-પાણી કે તળિયે રેતીની વ્યવસ્થા વિના ખીચોખીચ બાંધેલી ૧૦ ભેંસ દયાજનક હાલતમાં મળી આવી હતી. આ બનાવમાં ચાલક પાસે હેરફેર માટેનું કોઈ પ્રમાણપત્ર નહોતું. પોલીસે ઘટના સ્થળેથી ડ્રાઈવર અજીમ વલીમામદ જોખીયા અને ટ્રક માલિક રોહિતકુમાર કરસનભાઈ સરસીયા (બંને રહે.,માણાવદર, જૂનાગઢ)ની ધરપકડ કરી છે, જ્યારે અન્ય સહ-માલિક હિતેન સરસીયાને વોન્ટેડ જાહેર કર્યો છે.

પોલીસે ૩ લાખની ભેંસો, ૪ લાખની ટ્રક અને મોબાઈલ મળી કુલ ૭.૦૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પશુઓને સુરક્ષિત રીતે માણેકપોર પાંજરાપોળ ખસેડાયાં છે.

આરોપીઓ વિરુદ્ધ પશુ ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમ, ગુજરાત ઢોર નિયંત્રણ અધિનિયમ અને મોટર વ્હિકલ એક્ટ હેઠળ ગુનો નોંધી, એ.એસ.આઈ. જયદેવ રાણાભાઈએ આગળની તપાસ હાથ ધરી છે.


बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

ભેસ્તાન શાખા : દુકાન નં.૧ થી ૩, સાંઈ સ્કવેર બિલ્ડીંગ, ઉધના નવસારી રોડ, ભેસ્તાન, સુરત
Email : dbbhes@bankofbaroda.com

કબજા નોટીસ(સ્થાયી મિલકત માટે)[સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨]ના[રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડાના** અધિકૃત અધિકારીએ સિક્યુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ હેઠળ તેમને મળેલ સત્તા દ્વારા **તા.૧૬.૦૩.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રી આશિષ નરેન્દ્ર સીંગ (દેવાદાર અને ગીરવેદાર), અને શ્રીમતી અમ્રીતા આશિષ સીંગ (સહદેવાદાર અને ગીરવેદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૬,૫૭,૮૩૯.૧૧ (રૂપિયા છ લાખ સત્તાવન હજાર આઠસો ઓગણચાલીસ અને અગિયાર પૈસા પુરા) વત્તા વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ** સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ ૪ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા. ૦૩જી જૂન સન ૨૦૨૬** ના રોજ આ મિલકતનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૬,૫૭,૮૩૯.૧૧/– વત્તા વધારાનું વ્યાજ** અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

**સ્થાયી મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્વર્ન વિલા રેસીડેન્સી પ્લોટ નં. ૯૪/બી માપ ૪૨.૩૮ ચો.મી વણવહેચાયેલ હિસ્સા રોડ અને સી.ઓ.પી ની જમીન નો બ્લોક નં.૪, રેવન્યુ સર્વે નં.૪/૧, ૪/૨, ૪/૩, ૪/૪, ૪/૫ અને ૧૩/૧ માપ ૨૧૭૬૨ ચો.મી, મોજે ગામ. કારેલી, સબડિસ્ટ્રીકટ. તાલુકા. પલસાણા, જી. સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા **(વેચાણ દસ્તાવેજ મુજબ) : પૂર્વ તરફ** : જોડેની સોસાયટી રોડ **પશ્ચિમ તરફ** : જોડેનો પ્લોટ નં. ૯૯/બી, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં. ૯૫/બી, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં. ૯૩/બી આવેલ છે.

તા. ૦૩/૦૬/૨૦૨૬, સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા,ભેસ્તાન શાખા.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

પુણા કુંભારીયા શાખા : પ્લોટ નં. ૧૨–૧૩, ટાટા મોટર્સ ઓટો પોઈન્ટ નજીક, મુ.મગોબ, તા.ચોર્યાસી, જી.સુરત–૩૯૫૦૧૦ ફોન : ૦૨૬૧–૨૬૪૦૦૨૯, ૨૬૪૦૦૩૦ Email : punsur@bankofbaroda.com

પરિશિષ્ટ–૪ (જુઓ રૂલ ૮(૧)કબજા નોટીસ (સ્થાયી મિલકત)

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**, ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૪.૧૧.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર **શ્રી ડાલારામ આશુજી રબારી (દેવાદાર) શ્રીમતી ચાગણી ઘલારામ રબારી (સહ–દેવાદાર), શ્રી લાબુરામ આશુજી રબારી (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૩,૮૧,૦૨૯.૯૨/–તા. ૧૧/૧૧/૨૦૨૫ ના રોજના + તેના પર લાગુ નહી કરેલ વ્યાજ + કાનુની અને ખર્ચાઓ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ એકટની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૦૧લી જૂન સન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા પુણાકુંભારીયા શાખા** ની રકમ **રૂા.૧૩,૮૧,૦૨૯.૯૨/–તા. ૧૧/૧૧/૨૦૨૫ ના રોજના + તેના પર લાગુ નહી કરેલ વ્યાજ + કાનુની અને ખર્ચાઓ** ને આધિન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે ‘ શ્રી દર્શન બંગ્લોઝ’ તરીકે ઓળખાતી રેસીડન્સી નો પ્લોટ નં.૩૬(નવો પ્લોટ નં. ૩૬) આશરે માપ ૭૪.૩૧ ચો.મી વણવહેચાયેલ હિસ્સાજમીન આશરે માપ ૪૬.૭૮ ચો.મી રોડ, માર્જીન અને સીઓપી વગેરે સાથે જમીનનો રેવન્યુ સર્વે નં.૨૦૦/૧, બ્લોક નં. ૧૮૭, મોજે ગામ. દેવધ, તાલુકા સીટી, જી. સુરત ખાતે શ્રી ડલારામ આશુજી રબારી અને શ્રીમતી ચાગણી ઘલારામ રબારી ની માલિકીની આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : રોડ, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં.૨૩, **ઉત્તર તરફ** : પ્લોટ નં.૩૭, **દક્ષિણ તરફ** : પ્લોટ નં.૩૫

તા.૦૧.૦૬.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, પુણા કુંભારીયા શાખા

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

અઠવાલાઈન્સ શાખા : જવાહરલાલ નહેરુ માર્ગ, અઠવાગેટ પાસે, સુરત
ફોન : ૦૨૬૧–૨૬૬૦૧૩૮, ૨૬૬૭૩૫૧, ૨૬૬૯૫૬૫, ૨૬૫૫૨૦૭,
E-Mail Id : athwal@bankofbaroda.co.in

**સરફેસી એકટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ–સેકશન (૨) હેઠળ દેવાદારને નોટીસ**

પ્રતિ, **શ્રી અમર અરૂણભાઈ રાઠોડ (દેવાદાર અને ગીરવેદાર)**
**૨. શ્રીમતી શીતલ અમર રાઠોડ (સહદેવાદાર)**
અ) એ–૨૧, ૨૩૮, કોસાડ, ઈ ડબ્લ્યુ એસ એચ ૩, કોસાડ આવાસ, સુરત– ૩૯૪૧૦૭.
બ) પ્લોટ નં. ૨૩૩, ક્રિષ્ણા રેસીડન્સી, અટોદરા, ઓલપાડ, સુરત– ૩૯૪૧૩૦.
અને રહેઠાણનો પ્લોટ નં. ૨૩૩, બ્લોક નં.૪૯, અટોદરા ગામ, તા. ઓલપાડ, જી. સુરત

**મહેરબાનશ્રી,**
**વિષય : અમારી અઠવાલાઈન્સ શાખા, માંથી મેળવેલ ક્રેડીટ સુવિધાઓ.**

૧. અમારા **તા.૦૪.૦૫.૨૦૨૩** ના રોજના પત્ર ક્રમાંક **Retail-00001856894-LMS** માં જણાવ્યા મુજબ બેંકની બાકી અંગે ના સંદર્ભમાં તમારી ક્રેડીટ સુવિધાઓની મંજુરી અને મંજુરીની શરતો જણાવતા ઉપરોકત મંજુરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીકયુરીટી પુરી પાડીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/ક્રેડીટ સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

| સુવિધાનો પ્રકાર | લીમીટ | વ્યાજનો દર(હાલનો) | ૦૯.૦૫.૨૦૨૬ ના રોજની બાકી | કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત |
|---|---|---|---|---|
| બરોડા ટર્મ લોન ખાતા નં. ૦૨૫૮૦ ૬૦૦૦૦ ૫૩૭૦ | રૂા. ૧૨.૫૦ લાખ | વાર્ષિક ૮.૩૫% + ૨% (પેનલ વ્યાજ) | રૂા.૧૧,૩૨,૬૧૨.૦૦ મુળ રકમ + લાગુ નહીં કરેલ વ્યાજ + રૂા. ૩૦,૯૪૮.૮૮ અનસર્વિસ્ડ વ્યાજ + ચક્રવૃદ્ધિ વ્યાજ = રૂા.૧૧,૬૩,૫૬૦.૫૫ + વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ | ઈકવીટેબલ મોર્ગેજ કરેલ પ્લોટ નં.૨૩૩, ક્રિષ્ણા રેસીડન્સી, અટોદરા, ઓલપાડ સુરત. રજીસ્ટર્ડ કચેરી સુરત ખાતે ટાઈટલ ડિડ ઈન્સ્ટ્રુમેન્ટ ડિપોઝીટ રજીસ્ટર નંબર. ૧૬૦૮૬ તા.૦૬.૦૯.૨૦૨૩ થી સબ રજીસ્ટ્રાર કચેરી ઓલપાડ, જી.સુરત, ખાતે નોંધણી કરેલ છે. |
| કુલ | રૂા. ૧૨.૫૦ લાખ | | રૂા.૧૧,૬૩,૫૬૦.૮૮ +વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ | |

**સુરક્ષીત મિલકત નું વર્ણન :** તમામ હક, હિત અને સંબંધ ધરાવતી સ્થાયી મિલકત કે જે ‘ક્રિષ્ણા રેસીડન્સી’ નો પ્લોટ નં. ૨૩૩, માપ ૫૩.૩૩ ચો.વાર એટલે ૪૪.૫૯ ચો.મી (પાસિંગ પ્લાન મુજબ માપ ૪૪.૬૫ ચો.મી), જમીન બ્લોક નં. ૪૯, માપ ૩૩૧૮૪ ચો.મી ગામ. અટોદરા, તા. ઓલપાડ, જી. સુરત, ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા: **પુર્વે:** જોડેનો પ્લોટ નં. ૨૫૬, **પશ્ચિમે:** જોડેનો રોડ, **ઉત્તરે:** જોડેનો પ્લોટ નં. ૨૩૨, **દક્ષિણે:** જોડેનો પ્લોટ નં. ૨૩૪.

**૨) તા. ૦૪.૦૫.૨૦૨૩ ના રોજ** બેંક પ્રત્યેની તમારી જવાબદારી **રૂા.૧૨.૫૦ લાખ** ની અને બેંક ગાઈડલાઈન મુજબ અન્ય બેંક ચાર્જીસ સ્વીકાર છે. **૩)** તમે જાણો છો કે **જૂન– ૨૦૨૬** તમે ઉપરોકત લોન / બાકી રકમના વ્યાજની ચુકવણી કરવામાં કસુર કરેલ છે. તમે **તા.૧૦.૦૨.૨૦૨૬** ના રોજ અને ત્યાર બાદ ચુકવણીમાં કસુર કરેલ છે. **૪)** તમે કરેલ કસુર બદલ તમારો લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ **તા.૧૧.૦૫.૨૦૨૬** ના રોજ નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. અમે વારંવાર વિનંતી કરી છતાં તમે તમારી મુદતવીતી લોન અને તેના પરના વ્યાજ, ચુકવ્યા નથી. **૫)** લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા–૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી બેંક પ્રત્યેની **રૂા.૧૧,૬૩,૫૬૦.૮૮/– (અંકે રૂા.અગિયાર લાખ ત્રેસઠ હજાર પાંચસો સાઈઠ અને અઠયાસી પૈસા પુરા ) + વધારાનુ વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** ની જવાબદારી મુજબ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તા. સુધીમાં તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. **૬)** કૃપા કરી નોંધ લેશો, દરેક ઋણ સુવિધા માટે પેરા–૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. **૭)** તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા–૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્યા ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. **૮) વધુમાં અમે ધારા ૧૩ની પેટા ધારા ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત–જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી. ૯)** કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છુટ રાહત કે છુટછાટ કયાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધીત છે.

તા.૧૨.૦૫.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, અઠવાલાઈન્સ શાખા.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

દિહેણ શાખા : દિહેણ પીંજરત રોડ, મુ.પો.દિહેણ, તા.ઓલપાડ, જી.સુરત, ગુજરાત–૩૯૪૧૩૦ફોન : ૮૯૮૦૦૨૬૬૨૭
email :dihen@bankofbaroda.com

કબજા નોટીસ (કલમ ૧૩(૪) હેઠળ સ્થાયી મિલકત માટે)[સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ના (રૂલ ૮(૧)]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૦૭.૦૧.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર અને ગીરવેદાર **શ્રી નિમ્બારામ બલ્લુજી દેવાસી (દેવાદાર) અને શ્રીમતી ભવરી દેવી નિમ્બા રામ (સહ–દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૯,૩૬,૪૬૦.૭૩/– (રૂપિયા નવ લાખ છત્રીસ હજાર ચારસો સાઈઠ અને તોત્તેર પૈસા પુરા) વત્તા વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૦૫ મી જૂન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂા.૯,૩૬,૪૬૦.૭૩** વત્તા વ્યાજ અન્ય ચાર્જીસને આધિન રહેશે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત ‘વાસ્તુપૂજા રેસીડેન્સી’, નો પ્લોટ નં.૨૦૨, આશરે માપ ૪૦.૧૩ ચો.મી (કેજેપી મુજબ બ્લોક નં. ૪૪૯/૨૦૨ માપ આશરે ૪૦.૧૮ ચો.મીટર) જમીન રે. સ. નં. ૩૫૪, બ્લોક નં. ૪૪૯ (નવો બ્લોક નં. ૫૦૩), ગામ.હલધરૂ, તા. કામરેજ, સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : પ્લોટ નં. ૨૨૭, **પશ્ચિમ તરફ** : સોસાયટી રોડ, **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૨૦૧, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૨૦૩ આવેલ છે.

તા. ૦૫/૦૬/૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, દિહેણ શાખા

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

એમએસએમઈ શાખા : જી–૧/બી અને ૧/એ, સુરાના ઈન્ટરનેશનલ, સહારા દરવાજા, રીંગ રોડ, સુરત–૩૯૫૦૦૨
email id :vjmsur@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)[સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨] ના (રૂલ ૮(૧) હેઠળ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૭.૦૨.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રી વિષ્ણુ પ્રભાતભાઈ દેસાઈ (દેવાદાર) અને શ્રીમતી ભીખીબેન પ્રભાતભાઈ દેસાઈ (સહદેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૩,૮૦,૧૮૨.૯૪/– (રૂા. તેર લાખ એંશી હજાર એકસો બ્યાસી અને ચોરાણું પૈસા પુરા) વત્તા લાગુ નહી કરેલ વ્યાજ અને અન્ય ચાર્જીસ** સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૦૪થી જુન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂા.૧૩,૮૦,૧૮૨.૯૪** વત્તા લાગુ નહી કરેલ વ્યાજ અન્ય ચાર્જીસને આધિન રહેશે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે આદર્શકુંજ સોસાયટી નો પ્લોટ નં. ૫૪ માપ પોહળો ૧૨ ફુટ. × ૪૦ ફુટ લાંબો એટલે ૪૮૦.૦૦ ચો.ફુટ બરાબર ૪૪.૫૯ ચો.મી પ્રમાણસર વણવહેચાય હિસ્સા માપ ૧૮.૧૪ ચો.મીટર, સીઓપી જમીન નો રેવન્યુ સર્વે નં.૧૩૭, બ્લોક નં.૧૩૬, ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં. ૬૧ (પરવત–ગોડાદરા), ઓ.પી.નં.૧૨૭, એફ.પી.નં.૧૨૭ માપ ૮૯૦૩૦.૦૦ ચો.મીટર ગામ ગોડાદરા, સબ ડિસ્ટ્રીકટ સુરત સીટી, જી. સુરત ખાતે આવેલ છે જેની ચતુર્દિશા : **પુર્વ તરફ** : જોડેની સોસાયટી નો રોડ, **પશ્ચિમ તરફ** : જોડેનો પ્લોટ નં.૧૨૧ **ઉત્તર તરફ** : જોડેના પ્લોટ નં.૫૩, **દક્ષિણ તરફ** : જોડનો પ્લોટ નં.૫૫

તા. ૦૪/૦૬/૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, એમએસએમઈ શાખા